આકાશવાણી ભુજ

સમાચાર વાચક : નેહલ ઠક્કર

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **09-11-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## રાષ્ટ્રપતિ-તકેદારી જાગૃતિ સપ્તાહ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિશ્વાસને સામાજીક જીવનનો પાયો ગણાવીને કહ્યું છે કે, ભ્રષ્ટાચાર દેશની આર્થિક પ્રગતિમાં અવરોધરૂપ હોવાની સાથે સાથે સામાજીક વિશ્વાસને ગંભીર અસર પહોંચાડે છે. તેઓ દિલ્હીમાં કેન્દ્રીય તકેદારી પંચ દ્વારા તકેદારી જાગૃતિ સપ્તાહની ઉજવણી સમારંભમાં બોલી રહ્યા હતા. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, સરકારની ભ્રષ્ટાચાર સામેની કડક નિતીના કારણે ભ્રષ્ટાચાર સંપૂર્ણ નાબૂદ કરવામાં મદદ મળશે.

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, ભ્રષ્ટાચારને નાબૂદ કરવાના ભાગરૂપે કેન્દ્ર સરકારે યોજનાના લાભો લાભાર્થીઓના બેંક ખાતામાં આપવા, ઇ-માર્કેટ પ્લેસ જેવી વિવિધ પહેલો હાથ ધરી છે.

**RNU** અમદાવાદ

---

## મુખ્યમંત્રી-ફિક્કી કારોબારી બેઠક

અમદાવાદમાં યોજાયેલી ફિક્કીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં બોલતાં મુખ્યમંત્રીએ કહ્યું  હતું કે ગુજરાતે કરેલા ચોતરફ થયેલા વિકાસે દેશ અને દુનિયાનું ધ્યાન આકર્ષિત કર્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અમદાવાદમાં ફિક્કીની રાષ્ટ્રીય કારોબારીની બેઠક યોજાઇ હતી. આ પ્રસંગે બોલતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે નેશન ફર્સ્ટ" ના ભાવથી વિકાસના ઊંચા લક્ષ્યો અને પરિણામો સિદ્ધ કરી શકાય તેનું ઉદાહરણ ભારતે  દેશ અને દુનિયાને પુરું પાડ્યું છે તેમણે જણાવ્યું કે, દેશમાં પાછલા દશકમાં જે પ્રોત્સાહક પગલાં લેવાયા તેના પરિણામે ભારત આત્મનિર્ભરતાથી વિકાસ તરફ દોડી રહ્યું છે..

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના વિકાસને વર્ણવતા કહ્યું હતું કે રાજ્યમાં રોડ-રસ્તાનું નેટવર્ક છેવાડાના ગામો સુધી વિકસ્યુ છે જેને કારણે નાગરિકોને પરિવહનની સેવાનો મહત્તમ લાભ મળી રહ્યો છે.

**RNU અમદાવાદ**

---

## મનસુખ માંડવિયા : પાયલટ પ્રોજેક્ટ

કર્મચારી પેન્શન યોજના માટેના તેમજ નવી કેન્દ્રીય પેન્શન ચૂકવણી અંગેના પાયલટ પ્રોજેક્ટની ચકાસણી સફળતાપૂર્વક સંપન્ન થઇ છે. કેન્દ્રિય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, આ પાયલટ પ્રોજેક્ટ હેઠળ જમ્મુ, શ્રીનગર અને કરનાલ ક્ષેત્રમાં ગત ઓક્ટોબર મહિનામાં 49 હજારથી વધુ પેન્શન ધારકોને કર્મચારી પેન્શન યોજના હેઠળ 11 કરોડ રૂપિયાની રકમ ચૂકવવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થા- EPFOના માહિતી ટેક્નોલોજી આધુનિકીકરણ પ્રોજેક્ટ હેઠળ નવી પેન્શન ચૂકવણી પધ્ધતિનો અમલ આગામી જાન્યુઆરીથી થવાનો છે. જેનો લાભ EPFOના 78 લાખથી વધુ પેન્શન ધારકોને મળશે.

**RNU અમદાવાદ**

---

## ભારતીય સૈન્ય વિરાસત

ભારતીય સૈન્ય વિરાસત ઉત્સવની બીજી વાર્ષિક આવૃત્તિનો ગઇકાલે રાજધાની નવી દિલ્હીમાં પ્રારંભ થયો છે. બે દિવસ ચાલનારા આ ઉત્સવનો હેતુ વૈશ્વિક અને ભારતીય થિંકટેંક, કોર્પોરેશન, જાહેર તેમજ ખાનગી કંપનીઓ, સ્વયંસેવી સંસ્થાઓ, શિક્ષણવિદો તેમજ સંશોધન વિદ્વાનોને દેશની રાષ્ટ્રીય સુરક્ષા, વિદેશ નીતિ, લશ્કરી ઇતિહાસ તેમજ લશ્કરી વારસા વિશે માહિતી આપવાનો છે.

લશ્કરની ત્રણેય પાંખના વડા – CDS જનરલ અનિલ ચૌહાણ - ભૂમિ, જળ તેમજ વાયુદળના પ્રમુખ સાથે આ ઉત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉત્સવની શરૂઆતમાં પ્રોજેક્ટ 'શૌર્ય ગાથા'નું લોકાર્પણ કરાયું.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## 55 મા આંતરરાષ્ટ્રીય ગોવા ફિલ્મ ફેસ્ટિવલ

માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આયોજિત 55મા આંતરરાષ્ટ્રીય ગોવા ફિલ્મ ફેસ્ટિવલમાં મર્કટ બ્રોસ નિર્મિત ગુજરાતી ફિલ્મ 'કારખાનું' પસંદગી પામી છે. જેનું દિર્ગદર્શન ઋષભ થાનકી દ્વારા કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા યોજાતા આ ખૂબ જ નામાંકિત ફિલ્મ ફેસ્ટિવલમાં લગભગ 3 વર્ષ બાદ કોઈ ગુજરાતી ફિલ્મની પસંદગી થઇ છે. ફિલ્મની વાર્તા પાર્થ મધુકૃષ્ણ,ઋષભ થાનકી અને પૂજન પરીખે લખી છે. અર્ચન ત્રિવેદી, મકરંદ શુક્લ, રાજુ બારોટ, કાજલ ઓઝા વૈધ, પાર્થ મધુકૃષ્ણ, હર્ષદીપસિંહ જાડેજા, હાર્દિક શાસ્ત્રી, દધીચિ ઠાકર સહિતના કલાકારોએ અભિનય કર્યો છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## ટેકાના ભાવે ખરીદી

રાજ્યના ૧૬૦ થી વધુ ખરીદ કેન્દ્રો ખાતેથી આગામી તારીખ ૧૧ નવેમ્બરના રોજ ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થશે.

હવે ખેડૂતો માટે ઓનલાઇન નોંધણી કરાવવા માટે બે દિવસનો સમય બાકી રહ્યો છે. ત્યારે કૃષિમંત્રીએ બાકી રહી ગયેલા ખેડૂતોને આ બે દિવસ દરમ્યાન ઓનલાઇન નોંધણી કરાવી લેવા જણાવ્યું છે.

**RNU અમદાવાદ**

------------------------------------------------------------------------

## જિલ્લા પુરવઠા અધિકારી-ઇકેવાયસી

કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં તમામ રાશનકાર્ડ હેઠળના તમામ લાભાર્થીઓના ઇ-કેવાયસી કરાવવા અનિવાર્ય છે ત્યારે સસ્તા અનાજના દુકાનદારોને દરરોજ 25 લોકોના ઇ-કેવાયસી કરી તેનો અહેવાલ દરરોજ સાંજે મોકલી આપવા મૌખિક સુચના બાદ જિલ્લા પુરવઠા અધિકારીએ લેખિતમાં આદેશ કર્યો છે.

**N.P./ નેહલ ઠક્કર**

------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારતે પ્રથમ ટી 20 મેચમાં દક્ષિણ આફ્રિકાને 61 રને હરાવી વિજયી પ્રારંભ કર્યો છે. ડરબન ખાતેની મેચમાં ભારતે 8 વિકેટનાં ભોગે

202 રન કર્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ 141 રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------

## રાપર, લખપત વિકસિત તાલુકા

રાજ્યના 51 વિકાસશીલ તાલુકાઓને અન્ય વિકસિત તાલુકાની હરોળમાં લઇ આવવા માટે અલગથી ગ્રાન્ટ ફાળવાય છે અને એપ્રિલ-2022ની સ્થિતિએ રાપર 29 મા સ્થાને જ્યારે લખપત તાલુકો 31 મા સ્થાને આવી ગયો છે. 2022 મા આ બન્ને તાલુકા અનુક્રમે 41 અને 43 મા ક્રમાંકે હતા.

**N.P./ નેહલ ઠક્કર**

---------------------------------------------------------------------